# સાબરકાંઠામાં ભાજપ-કોંગ્રેસ ક્ષત્રિય-ઠાકોર સમાજના શરણે

## ઠાકોર વિરુદ્ધ ઠાકોર જામશે ખરાખરીનો જંગ : રાજેન્દ્રસિંહ ઠાકોરે શામળાજી મંદિરે કાળીયા ઠાકોરના દર્શન કરી ઉમેદવારી પત્ર ભરવા રેલી સ્વરૂપે નિકળ્યા





સાબરકાંઠા લોકસભા બેઠક પર પ્રારંભમાં કોંગ્રેસનો દબદબો રહ્યા બાદ બે ટર્મથી ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. આ બેઠક પર મહત્તમ પ્રભુત્વ ક્ષત્રિય ઠાકોર સમાજનું હોવાથી જાતિવાદ રાજકારણનો સતત આક્ષેપ કરતી અને વિકાસનો જોરશોરથી બૂમો પડતી ભાજપે સાબરકાંઠા લોકસભા બેઠક પર ક્ષત્રિય ઠાકોર સમાજના વર્તમાન સાંસદ દીપસિંહ રાઠોડને રિપીટ કરતા કોંગ્રેસે પણ ક્ષત્રિય ઠાકોર સમાજના અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર મેદાનમાં ઉતારતા હવે સાબરકાંઠા લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિય ઠાકોર ઉમેદવાર સામે ક્ષત્રિય ઠાકોરનો ખરાખરીનો જંગ જામશે. સાબરકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસેના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરે ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા અને કાર્યકરો સાથે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં શામળિયા ભગવાનના ચરણોમાં શીર્ષ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ૫.૫ લાખ ક્ષત્રિય-ઠાકોર મતદારોનું પ્રભુત્વ હોવાથી ભાજપ અને કોંગ્રેસે ક્ષત્રિય-ઠાકોર સમાજના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતારતા ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામશે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવાર પસંદગી હાઈકમાન્ડ માટે માથાના દુખાવા સમાન બનતા અને સાબરકાંઠા લોકસભા બેઠક ભાજપ પાસેથી આંચકી લેવા ભારે મનોમંથન પછી ઉમેદવારી પત્ર ભરવાના ૨૦ કલાક પહેલા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરનું નામ પર મહોર મારી હતી. કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ પણ ઉત્સાહ સાથે જીતના દાવાઓ કર્યા હતા.

સાબરકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસમાં બળવાની સ્થિતિ અને ભડાકો થવાના એંધાણ વચ્ચે ઘીના ઠામમાં ઘી ઠરતાં કોંગ્રેસ મોવડી મંડળે હાશકારો અનુભવ્યો હતો. ટિકિટના અન્ય પ્રબળ દાવેદાર રાજેન્દ્રસિંહ કુંપાવત અને મહેન્દ્રસિંહ બારૈયાએ કોંગ્રેસના નિર્ણયને વધાવી લઈ કાર્યકરોને કામે લાગી જવા અને ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરને વિજય બનાવવા હાકલ કરી હતી.



બનાસકાંઠા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રી પરબતભાઈ પટેલે આજરોજ વિજય મુહૂર્તમાં ગુજરાત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતમાં ઉમેદવારી ફોર્મ ભરે તે અગાઉ બનાસકાંઠા પ્રચંડ જનમેદનીનું સંબોધન કરી તેઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. જોડનાપુરા પાટિયા નજીક આયોજીત સંમેલન સ્થળથી પાલનપુર સુધીનો માર્ગ જાણે કે કેસરીયા રગે રંગાયો હતો. કાર્યક્રમમાં પોતાના પ્રાસંગીક પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મતદાનના દિવસે ઈફરુ મશીનમાં ભાજપાનું બટન દબાવીને શ્રી પરબતભાઈને પ્રચંડ મતોથી વિજય અપાવવા માટે પ્રત્યેક કાર્યકર પરિશ્રમ કરે તેવો દિશા નિર્દેશ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસના અપપ્રચાર પર શાબ્દિક ચાબખા ભરતા જણાવ્યું હતુ કે અમારો ચોકીદાર પ્યોર છે અને તે બાબતે જનતા પણ શ્યોર છે. વધુમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ૩૭૦ની કલમ નહિ કાઢવાની જાહેરાતથી દેશ વિરોધી તાકાતોમાં આનંદનું મોજું ફરી વળ્યું હોવાનું જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કાશ્મીર કે જે ભારતનું અભિન્ન અંગ છે અને જેના માટે આદરણીય શ્યામા પ્રસાદ મુખરજીએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે તે બાબતે કોંગ્રેસની આવી ઢીલી નીતિ બાબતે કડક જાટકણી કાઢી હતી.



**પાટણ લોકસભાની ચૂંટણીમાં એન.સી.પી.ના ઉમેદવારે ફોર્મ ભર્યું**

પાટણ લોકસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો પોતાની મેળે જ ઉમેદવારી નોંધાવી રહ્યા છે ત્યારે મૂળ સરસવતી તાલુકાના ભૂતિયાવાસણા ના કીર્તિભાઈ ચૌધરીએ પોતાના ટેકેદારો સાથે પાટણ કલેક્ટર ઓફિસમાં પોતાની ઉમેદવારી પત્ર ભરીને રજૂ કર્યુ હતું અને સમી ના એક અપક્ષ ઉમેદવાર તરીકે પ્રવીણભાઈ પંડ્યાએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આમ પાટણ લોકસભાની ચૂંટણીમાં રસાકસી નો જંગ સાથે રાજકીય ક્ષેત્રે ગરમાવો જોવા મળ્યો હતો.

### બાયડ નજીક બાઈકચાલક દંપતીને ટ્રકે ટક્કર મારતા

## બાઈકચાલકના શરીર પર ટ્રકના ટાયર ફરી વળતા શરીરના બે ટુકડા

ધનસુરાના ગોપાલપુરા ગામનું દંપતી બાઈક લઈ બાયડ કામકાજ અર્થે નીકળ્યું હતું. બાયડ નજીક હાઈવે પર પાછળથી યમદૂત બની ધસી આવેલા ટ્રકે બાઈકને પાછળથી ટક્કર મારતા દંપતી રોડ પર પટકાતા ટ્રકના મહાકાય ટાયર બાઈક ચાલક પર ફરી વળતા બાઈક ચાલકના ફુરચે ફુરચા નીકળી ગયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલ બાયડ પોલીસે બાઈક ચાલકના ક્ષતિગ્રસ્ત મૃતદેહને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત સર્જી ટ્રક ચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો.

બાયડ નજીક હાઈવે પરથી પસાર થતા બાઈક સવાર દંપતીને ટ્રક ચાલકે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો ધનસુરા તાલુકાના ગોપાલપુરા ગામના મુકેશભાઈ ઉદાભાઈ પગી તેમની પત્ની સાથે બુધવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે બાયડ કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા બાયડ નજીક પાછળથી પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારી ટ્રકના ચાલકે પાછળથી બાઈકને ટક્કર મારતા દંપતી રોડ પર પટકાતા બાઈક ચાલક મુકેશભાઈના શરીર પર ભારેખમ ટ્રકના ટાયર ફરી વળતા શરીરના કમ્મરના ભાગેથી બે ટુકડા થઈ જતા ઘટનાસ્થળેજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. તેમના પત્ની ભુરીબેનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે દવાખાને ખસેડાયા હતા.

### સાબરકાંઠા ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડે

## આદિવાસી સમાજને રીઝવવા ગુણભાંખરી મેળામાં ઢોલ વગાડ્યો

સાબરકાંઠા જીલ્લાના પોશીના નજીક આવેલા ગુણભાંખરી ખાતે બે દિવસીય આદિવાસી સમાજના પરંપરાગત ઉમેદવારો અને રાજકીય પક્ષના કાર્યકરો મતદારોને રીઝવવા માટે નિતનવા નુસખા આપવાની મત મેળવવા ''જેવી પ્રજા એવો વેશ'' પરાંપરાગત રીતે ધારણ કરી પહોંચતા હોય છે અને ઢોલ-લેઝીમ સહીત વધ્યો સાથે નૃત્ય કરતા નિહાળવા હજ્જારોની સંખ્યામાં



મેળાનો પ્રારંભ થયો હતો. આ મેળામાં આદિવાસી સમાજની સંસ્કૃતિ અને રીતરિવાઝ નિહાળવા વિદેશીઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. સુપ્રસિદ્ધ ગુણભાંખરીના મેળામાં ડુંગરી ગરાસિયા અને ડુંગરી ભીલ સમાજના ગુજરાત સહીત રાજસ્થાનના હજ્જારો આદિવાસીઓ ઉમટી પડે છે. બુધવારથી શરુ થયેલા મેળામાં સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર આદિવાસી મતદારોને રીઝવવા તેમની વચ્ચે પહોંચી નૃત્ય સાથે ઢોલી બની ઢોલ વગાડી રીઝવવાનો પ્રયાસ કર્યો હતો.

ચૂંટણી જાહેર થતાની સાથે ઉમેદવારો અને રાજકીય પક્ષના કાર્યકરો મતદારોને રીઝવવા માટે નિતનવા નુસખા આપવાની મત મેળવવા ''જેવી પ્રજા એવો વેશ'' ધારણ કરતા હોય છે અને તેમના તરફી ખેંચવા શામ, દામ અને દંડની નીતિ અપવાનાવાતા હોય છે.

સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડે જોરશોરથી પ્રચાર અભિયાન ચલાવ્યું છે. મતદારોના ઘરે ઘરે પહોંચી ભાજપને મત આપી વિજય બનાવવા મોટી સંખ્યામાં કાર્યકરોની ફોજ સાથે બંને જીલ્લા ખૂંદી રહ્યા છે. ખેડબ્રહ્મા દેલવાડા ગામ નજીક ત્રિવેણી સંગમ પર પ્રસિદ્ધ ગુણભાંખરીના મેળામાં અરવલ્લી, સાબરકાંઠા, પંચમહાલ, બનાસકાંઠા અને રાજસ્થાનના હજ્જારોની સંખ્યામાં આદિવાસી લોકો અને ખાસ કરીને યુવક-યુવતીઓ અવનવા વસ્ત્રો પરાંપરાગત રીતે ધારણ કરી પહોંચતા હોય છે અને ઢોલ-લેઝીમ સહીત વધ્યો સાથે નૃત્ય કરતા નિહાળવા હજ્જારોની સંખ્યામાં આવતા આદિવાસી લોકોનો એક સાથે સંપર્ક કરી શકાય અને રીઝવવાનો અવસર દેખાતા સાબરકાંઠા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડ આદિવાસી સમાજના ભાજપ સાથે જોડાયેલા અગ્રણીઓ અને કાર્યકરો સાથે પહોંચી પ્રચાર પ્રસાર કરી આદિવાસી મતદારોને રીઝવવા ગળામાં ઢોલ ધારણ કરી ઢોલ વગાડતા વગાડતા ઢોલના તાલે ઝૂમી મતદારોને રીઝવવા પ્રયત્ન કર્યો હતો. સાંસદ દીપસિંહ રાઠોડના ઢોલના તાલે આદિવાસી યુવક-યુવતીઓએ નૃત્યનો લુત્ફ ઉઠાવ્યો હતો. દીપસિંહ રાઠોડની સાદાઈ આદિવાસી સમાજના લોકોમાં પ્રસરી ગઈ હતી.



**પાટણ બેઠક પર ભાજપના ભરતસિંહ ડાભીનું ઉમેદવારીપત્ર ભરાયું**

જેમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, કેબિનેટ મંત્રી દિલીપજી ઠાકોર,પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી, સંસદ સભ્ય લીલાધરભાઈ વાઘેલા, જી.આઈ.ડી.સી.ના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, કાંકરેજ મતવિસ્તારના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, કડી મતવિસ્તારના ધારાસભ્ય કરશનભાઈ પરમાર, ઈડર મતવિસ્તારના ધારાસભ્ય, હિતુભાઈ કનોડિયા પૂર્વ ધારાસભ્ય ભાવસિંહજી રાઠોડ પૂર્વ સંસદ સભ્ય નટુજી ઠાકોર વધારાસભ્ય રણછોડભાઈ દેસાઈ પૂર્વ ધારાસભ્ય નાગરજીભાઈ ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



મહેસાણા લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શારદાબેન એ. પટેલે આજે ખુલ્લી જીપમાં સરઘસ આકારે મહેસાણા હાઈવે ઉપરથી નીકળ્યા હતા તે પ્રસંગની તસ્વીરમાં પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણી, રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન નીતિનભાઈ પટેલ, મહેસાણા સાંસદ જયશ્રીબેન પટેલ સહિત અનેક ભાજના પૂર્વ સાંસદો, વર્તમાન ધારાસભ્યો અને જિલ્લાના ભાજપના હોદ્દેદાર ભાઈ બહેનો જોડાયા હતા. મહેસાણા મોઢેરા ચાર રસ્તા ઉપર આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરી નીકળી હતી.



**શિહોરીમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત ફ્લેગ માર્ચ**

કંકરેજ તાલુકાના શિહોરી મેઈન બજારમાં શિહોરી પોલીસ અને બીએસએફના જવાનો દ્વારા ફ્લૅગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું અને શિહોરી પોલીસ સ્ટેશન મેઈન બજાર પાટણ ત્રણ રસ્તા ઉપર નિરીક્ષણ કર્યું હતું અને કોઈ વ્યક્તિ આચારસંહિતાનો ભંગ ન કરે અને કોઈ વ્યક્તિ ચૂંટણી દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે અંગે માર્ગદર્શન સાથે ફ્લેગમાર્ચ યોજાઈ હતી.

## સાબરકાંઠામાં સદી વટાવી ચુકેલા ૯૫ મતદારો, ઈડરમાં સૌથી વધુ ૩૬

### હિંમતનગર-૨૮, ખેડબ્રહ્મા-૨૭ અને પ્રાંતિજમાં ૨૪ શતાયુ મતદાર

છેલ્લા એક દાયકાથી મહત્તમ મતદાન માટે ચૂંટણી પંચ દ્વારા સતત પ્રયાસો થઈ રહ્યા છે. કેટલાક જિલ્લા ચૂંટણી અધિકારીઓએ મતદાન વધે અને મતદાન માટે સૌ કોઈમાં ઈચ્છાશક્તિ પ્રબળ બને તે માટે આઈકોન પણ જાહેર કરવામાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા ભલે આવુ કંઈ કરવામાં આવ્યું ન હોય પરંતુ જિલ્લાના સદી વટાવી ચૂકેલા મતદારો અઘોષિત આઈકોન જ છે મતદાન માટેની તેમની પ્રબળ ઈચ્છાશક્તિ કાબિલે-દાદ છે.

સાબરકાંઠા જિલ્લામાં ૯૫ જેટલા શતાયુ મતદાર છે. હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામના ૧૦૨ વર્ષના શાંતાબેન પ્રતાપજી પ્રજાપતિના અવાજમાં અનુભવનો રણકો સંભળાય છે. ઉમરની સદી વટાવી ચૂકેલ શાંતાબા કહે છે કે ભઈ મેં તો બધી ચૂંટણીમાં મતદાન કર્યુ છે. અત્યારે લોકોમાં આળસ જોવા મળે છે જે સારુ નથી. પથારીમાં બેઠા પણ શાંતાબા લોકોની મતદાન કરવાની આળસ પર આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

હિંમતનગર શહેરના મહેતાપુરામાં ત્રિવેણી વિદ્યાલય નજીક રહેતા ૧૦૩ વર્ષના રેવાબેન રવીશંકર રાવલ કહે છે કે મતદાન કરીએ તો સારો માણસ ચૂંટાય. હું મતદાન કરવા આજે પણ સક્ષમ છુ અને મતદાન અવશ્ય કરીશ મતદાન ન કરે તેને ટીકા કરવાનો કોઈ અધિકાર નથી. વીરપુર ગામના ૧૦૪ વર્ષના આશાબેન ઉસ્માનભાઈ ખણુશીયા પણ મતદાન માટે આગ્રહ રાખે છે અને કહે છે મારા પરીવારને પણ મતદાન માટે આગ્રહ કરુ છુ તમામ ચૂંટણીઓમાં મતદાન કર્યુ છે.



**ડીસા હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં એકનું મોત**

બનાસકાંઠાના તાલુકા મથક ડીસાનો હાઈવે વધુ એક વખત ગોઝારો પુરવાર થયો છે. ડીસાની અમી સોસાયટીમાં પરિવાસ સાથે રહેતા અને સિદ્ધપુરના ઉમંરી ગામે ખેતી કરતા દિલીપભાઈ નાથાલાલ રાવળ ગઈકાલે શાકભાજી લઈને શહેરના ઈસ્કોન સામેના હાઈવેનો રસ્તો ઓળંગતા હતા દરમ્યાન સામેથી પુરઝડપે આવતા છોટાહાથીના ચાલકે તેમને અડફેટે લેતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. તે વખતે પિકપવાન પણ છોટા હાથી સાથે ટકરાઈ હતી. જોકે અકસ્માત બાદ છોટાહાથી મુકી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઘવાયેલને રિક્ષા મારફત દવાખાને ખસેડ્યો હતો. પરંતુ ગંભીર હદે ઘવાતા તેણે દમ તોડી દીધો હતો. બાદમાં દોડી આવેલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઈસમના અકાળે મોતને લઈ પરિવારના કલ્પાંતથી હૃદયદ્રાવક દશ્યો સર્જાય હતા. હાઈવેએ વધુ એકનો ભોગ લેતા પંથકમાં અરેરાટી છવાઈ ગઈ હતી.

# અરવલ્લીની ગીરીમાળાઓમાં રહસ્યમય આગ લાગવાનો સિલસિલો યથાવત

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે. અરવલ્લી વન વિભાગતંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં સતત લાગી રહેલી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા કુશંકાઓ સર્જી છે. ભિલોડાના ભેટાલીનાં ડુંગર પર લાગેલી આગ ૨ કિમિ જેટલા વિસ્તારમાં પ્રસરતા હજ્જારોની સંખ્યામાં વનરાજી બળીને ખાખ થઈ હતી સરડોઈ નજીક ચામુંડા માતાજીના મંદિર નજીક ફરીથી આગ લાગતા પ્રજાજનો ઉમટી પડ્યા હતા.



ભિલોડાના ભેટાલી ગામ નજીક ડુંગર પરના જંગલોમાં ગુરુવારે બપોરના સુમારે અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા અને આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી અંદાજે ૨ કિલોમીટર જેટલા વિસ્તારમાં પ્રસરતા ધુમાડાના ગોટેગોટા નીકળતા ગ્રામજનો અને વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનસ્થળે પહોંચી આગ પર લોકોના સહયોગથી કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જંગલમાં લાગેલી આગથી વનરાજી બળીને ખાખ થઈ હતી સતત અરવલ્લી જિલ્લામાં ડુંગર વિસ્તાર અને જંગલમાં લગતી આગથી વનસંપદા સહીત વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને પણ મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે. અરવલ્લી જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગનું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે.